# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


તા. ૨૪/૦૭/૨૦૨૨

અખબારી યાદી.

હ્યુમન કેપિટલ, ઈન્વેસ્ટમેન્ટ , નોલેજ વર્કસ ઈનોવેશન, પર્ફોર્મન્સમાં અતિ કંગાળ દેખાવ, જાહેરાતોમાં વ્યસ્ત ભાજપા શાસકો શોધ – સંશોધનમાં રાજ્યના નાગરિકોને યુવાનોને તક આપવામાં નિષ્ફળ નીવડી હોવાના આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે નીતિ આયોગ દ્વારા ત્રીજા અહેવાલમાં ગુજરાતની સ્થિતિ કથળી છે. ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેક્ષ – ૨૦૨૧ માં ગુજરાત – ૧૪ માં ક્રમે ધકેલાઈ ગયું છે. વિવિધ ૬૬ માપદંડનું મૂલ્યાંકન કરીને અપાય છે સ્કોર, જેમાં ગુજરાતનો ૪૯ માપદંડમાં નબળો દેખાવ સામે આવ્યો છે. શિક્ષણ વ્યવસ્થામાં પાયાની ખામી, અધ્યાપકોની મોટા પાયે ખાલી જગ્યા, શિક્ષણમાં ધંધાદારી લોકોના કબજાથી ગુજરાતને મોટા પાયે નુકશાન થયું છે. નીતિ આયોગના ત્રીજા અહેવાલ અંગે ભાજપા સરકાર કેમ મૌન ? સ્કીલ ઈન્ડિયા રીપોર્ટ, એજ્યુકેશન ASER ના અહેવાલ અને નીતિ આયોગના અહેવાલ પછી રાજ્ય સરકાર પાયાની વ્યવસ્થા – નવીન તકો – સાતત્ય સાથે સુવિધામાં મોટી ખામી સ્પષ્ટ જણાય છે. શોધ – સંશોધન – પ્રોત્સાહન આપવાની બાબતમાં રાજ્ય સરકાર ઉણી ઉતરી છે. જાહેરાતોમાં વ્યસ્ત ભાજપા શાસકોની શિક્ષણ નીતિ – વિજ્ઞાન નીતિ – શોધ – શંસોધન સાતત્ય વિનાની નીતિના અભાવે ગુજરાતને ભારે નુકશાન થયું છે. સરકાર માત્ર જાહેરાત લક્ષી વાતો કરે છે. યુવાધનને તક ઓછી મળી રહી છે. કમનસીબી કે ગુજરાતની ભ્રષ્ટ સરકાર ઈન્નોવેશનમાં કામ કરતા યુવાનોને પાછળ ધકેલી રહી છે અને પોતાના મળતિયા સાચવવા પ્રયાસ કરી રહી છે. જ્ઞાન આધારિત સોસાયટીમાં ડેવલપમેન્ટ ઘટયું છે. ગુજરાત હંમેશા ઈનોવેશનમાં અગ્રેસર રહે તેમ છે પણ સરકાર પારદર્શક વ્યવસ્થા ઉભી કરવામાં ઉણી ઉતરી છે. કર્ણાટક સહિત દિલ્લી, હૈદરાબાદ અને સાઉથ નાં રાજ્યો ઈન્ફોર્મેશન ક્ષેત્રે ઘણા આગળ છે. સ્વ. રાજીવ ગાંધીએ ટેકનોલોજી ક્ષેત્રે આ સદીમાં દીર્ઘ દૃષ્ટિ રાખી હતી. ગુજરાત IT હબ બનવું જોઈએ જેમાં પ્રોત્સાહન આપવા સરકાર કમજોર સાબિત થઈ જે નીતિ આયોગના રિપોર્ટમાં સાબિત થયું છે. ભાજપ સરકારને થોડી પણ શરમ હોય તો શોધ શંસોધન ક્ષેત્રે યોગ્ય સુવિધા-સુધારા અંગે કામ કરવામાં આવે.

ખાનગી શાળાના ફીના ધોરણો અંગે વડી અદાલતનાં ચુકાદા બાદ ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણનો અધિકાર મળવો મુશ્કેલ બનશે એવી પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે વડી અદાલતમાં જે વાત સામે આવી તે ચોંકાવનારી છે. વડી અદાલતનાં આદેશ મુજબ શાળા સંચાલકોએ ફી વધારવાનો મોકો મળશે. શિક્ષણ વિભાગ ભ્રષ્ટાચારનું એ.પી. સેન્ટર છે. ભાજપ સરકાર સામાન્ય અને ગરીબ વિદ્યાર્થીઓને સારું શિક્ષણ મળે તેવું ઈચ્છતું નથી. કોંગ્રસની માંગ છે કે ૨૦૧૭માં તો ઘણી વાત કરી કે ફી વધારો નહી થાય, વાલીઓ જીત્યા અને સરકાર આવ્યા બાદ વાલીઓ રડી રહ્યા છે. ગુજરાતના વિદ્યાર્થીઓ-વાલીઓને પરવડે તેવી ફી ના ધોરણો, વ્યવસ્થા તંત્ર ઉભું કરવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ ગઈ છે.

કોંગ્રેસે સરકાર ૨૦૨૨ માં આવતાની સાથે જ ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના બાળકોને સારું શિક્ષણ મળે તેવા પ્રયાસ થશે. રાજ્યનાં વિદ્યાર્થીઓ ને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે સરકાર બનતાની સાથે જ પહેલી કેબિનેટમાં કાયદો લવાશે. કોંગ્રેસ સરકાર બન્યા બાદ પહેલું કામ શિક્ષણ માટે લેવાશે. ૬ થી ૧૪ વર્ષનાં બાળકને મફત શિક્ષણ મળે તેવા અસરકારક તંત્ર ઉભું કરશે. અને જે શાળા આનું પાલન નહી કરે તેમની સામે કડક પગલાં લેવાશે. ૨૦૨૨માં ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બન્યા બાદ પ્રથમ નિર્ણય શિક્ષણ ક્ષેત્રે લેવાશે. ૬થી ૧૪ વર્ષનાં વિદ્યાર્થીઓને મફત અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તેનો અસરકારક અમલવારી માટે તંત્ર ઉભું કરશે. તમામ શાળાઓને કડક સૂચના આપવામાં આવશે. જો કોઈ શાળા ફી કે શિક્ષણ મામલે બાંધછોડ કરશે તો કડકમાં કડક કાર્યવાહી કરાશે

(ડૉ. મનીષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા